# અરવલ્લી જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહા સંઘની કારોબારી સભા યોજાઈ

## સંગઠનનો વિસ્તાર, શિક્ષક અને શિક્ષણના પ્રશ્નો અંગે ગહનતાથી ચર્ચા

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૪

મોડાસાની પ્રાર્થના સ્કૂલમાં શૈક્ષિક મહાસંઘ અરવલ્લીમાં જીલ્લા કારોબારી બેઠક આર.એસ.એસના જીલ્લા સરસંઘ ચાલક એન.એમ.પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ ગઈ. જેમાં ગુજરાત પ્રાંતના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ, સંગઠન મંત્રી અરૂણ જોષી, ઉપાધ્યક્ષ સરદારસિંહ મછાર, સહસંગઠન મંત્રી પરેશભાઈ પટેલ, બાયડના વતની અને કઠલાલ તાલુકા અધ્યક્ષ મિતેશભાઈ પટેલ, મનુભાઈ પટેલ, કુબેરભાઈ ચૌધરી, દિનેશભાઈ પટેલ વગેરેની ઉપસ્થીતીમાં યોજાઈ ગઈ જેમાં સંગઠનનો વિસ્તાર, શિક્ષક અને શિક્ષણના પ્રશ્નો અંગે ગહનતાથી ચર્ચા કરવામાં આવી.

પ્રાથમિક શિક્ષકોના પડતર પ્રશ્નો અંગે શિક્ષકોમાં દિવસે દિવસે કચવાટ ધવી રહ્યો છે. ત્યારે રાજય સહિત જીલ્લામાં પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ વધુ મજબુત થઈ રહ્યુ છે. સંગઠનને વધુ મજબુત બનાવવા અને




શિક્ષકોના પાયાના પડતર પશ્નોના ઉકેલ માટે જીલ્લા કારોબારી બેઠક યોજવામાંઆવી જેમાં જીલ્લાના ૬ તાલુકામાં સંગઠનનો વિસ્તાર શિક્ષકોના પ્રશ્નો, હક અંગે ચર્ચા કરવામાં આવી તાલુકા અને જીલ્લામાંથી સંગઠન તરફી ૧૦૦ થી વધારે શિક્ષક ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા. બેઠકના પ્રારંભે જીલ્લા અધ્યક્ષ મિનેશભાઈ પટેલે સૌને આવકારી તેમનો પરિચય આપ્યો હતો. પ્રાંત અધ્યક્ષ ભીખાભાઈ પટેલે નેતૃત્વ, હક, ફરજ, સંગઠન વ્યકત્વય અને સમાજ રાષ્ટ્ર માટેનું આપનું શિક્ષક તરીકે આપણી ફરજની સમજણ બાબતે મનનીય વકતવ્ય આપ્યુ હતુ. માલપુર-મેધરજ અને મોડાસાની કારોબારી ફેરફાર સાથે બાયડ-ધનસુરા તાલુકાની નવી કારોબારીની રચના કરવામાં આવી. બાયડ તાલુકા પ્રભારી તરીકે કઠલાલ તાલુકા અધ્યક્ષ મિતેષભાઈ પટેલને વિશેષ જવાબદારી સાંપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ઉપાધ્યક્ષ પ્રવિણભાઈ પટેલે કર્યુ હતુ.

# નવા ભેટાલીમાં યુવતીની આબરૂ લુંટવાનો પ્રયાસ

## પાંચ સામે ગુનો નોધાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ભિલોડા તાલુકા નવા ભેટાલી ગામે ડામોર પરિવારની યુવતીને લાકડીથી ફટકારી આબરુ લુટવાનો પ્રયાસ કરવામાં આવતાં પોલીસ ફરીયાદ થઈ છે. યુવતીની છેડતી પછી જાન થી મારી નાખવાની આરોપીઓએ ધમકી ઉચ્ચારતાં પરિવાર ફફડી ઉઠ્યો છે.

**આરોપીઓ...**
**ચિમન કાન્તીભાઈ ડામોર**
**કલ્પેશ ચંદુભાઈ કટારા**
**લલીત ચંદુભાઈ કટારા**
**અજય બેચરભાઈ બોડાત**
**શૈલેષ ધુળજી ડામોર**
**(તમામ રહે નવા ભેટાલી તા.ભિલોડા)**



પોલીસ સુત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના નવા ભેટાલી ગામે તા.૩ ના રોજ ડામોર પરિવારની યુવતી સાથે સ્થાનિક ચિમન કાન્તીભાઈ ડામોરે ઝઘડો કરી લાકડીથી હુમલો કરતાં બે પરિવારો વચ્ચે દંગલ મચ્યુ હતુ દરમ્યાન ઉશ્કેરાયેલા આરોપીએ યુવતીને બાથમાં પકડી અડપલાં કરી આબરૂ લુટવાનો હિન પ્રયાસ કર્યો હતો ઝઘડામાં અન્ય ઈસમો એ ઉપરાડામાં દોડી આવી યુવતીને મારી નાખવાની ધમકી આપી પિયુશ ડામોર ને ફટકારતાં મામલો તંગ બની ગયો હતો. બનાવ અંગે ભિલોડા પોલીસે કુલ ૫ ઓરોપીએ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પોલિસનાં આંખ મિચામણાં

# અરવલ્લી જિલ્લામાં શ્રાવણ મહિનો નજીક આવતાં જુગારધામ ધમધમ્યાં

## એલ.સી.બી.-એસ.ઓ.જી.ની કામગીરી શંકાના દાયરામાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

અરવલ્લી જિલ્લામાં જુગાર ધામ શરૂ થયા છે પોલિસનાં આંખ મિચામણાં હવે ઉઘાડા પડ્યા છે. બાયડ, મોડાસા ગ્રામ્ય, મોડાસા ટાઉન પોલિસની હદમાં જુગારીઆઓ ઝડપાયાં પછી જુગારધામ ઉપર સર્જીકલ સ્ટ્રાઈક કરવાના બદલે પોલિસ જુગારધામના સંચાલકો અને તેમના ગ્રાહકોને સાચવતી હોવાની છબી ઉભી થઈ છે.



રાજય પોલિસ વડાએ દારૂ-જુગાર, ડ્રગ્સ સહિતની બદી નેસ્તનાબૂદ કરવા માટે તમામ જિલ્લા પોલિસ વડાઓને આદેશ આપ્યા છે પરંતુ અરવલ્લી જિલ્લામાં આદેશનું પાલન કરવાને બદલે તેની વિરૂદ્ધમાં કામગીરી થતી હોય તેવી લોકચર્ચાએ જોર પકડ્યું છે. દારૂની બદી ઉપર જિલ્લા પોલિસ અને એલ.સી.બી. અંકુશ લાવવામાં નિષ્ફળ રહી છે અને હવે પોલિસે જુગારધામ માટે અંદરખાને મૂકસંમતિ આપી હોય તે રીતે સાઠંબાથી ભિલોડા સુધીના અનેક વિસ્તારોમાં જુગારધામ અંદરના ફાર્મહાઉસ તેમજ ખેતરની ઓરડીમાં ધમધમી રહ્યા છે. દરરોજ સમી સાંજથી વહેલી પરોઢ ૪:૦૦ વાગ્યા સુધી ધમધમવા લાગ્યા છે. લોકચર્ચા તો એવી છેડાઈ છે કે કેટલાંક જુગારધામ સંચાલકોએ પોલિસની અંદરખાને મંજૂરી લઈ બોર્ડ શરૂ કર્યા છે અને સાચવીને ધંધો કરજો અમે મુશ્કેલીમાં ન મૂકાઈએ તેનું ધ્યાન રાખજો અને આવી હૂંફ આપવામાં જન્માષ્ટમી પૂરતા કેટલાંક સોદા પણ કરવામાં આવ્યા છે. જિલ્લામાં પોલિસની નિષ્ક્રિયતાથી યુવા ધન જુગારના રવાડે ચડી બરબાદ થઈ જાય તેવો ભય અનેક લોકોને સતાવી રહ્યો છે. રાજ્ય પોલિસ વડાએ અરવલ્લી જિલ્લામાં શરૂ થઈ ગયેલા જુગારધામ ઉપર ગાંધીનગરથી ટીમો મોકલી તપાસ કરાવે તો સ્થાનિક ખાખી વર્દીની સાંઠગાંઠનો પર્દાફાસ થઈ શકે છે.

# જિલ્લામાં વાદળ છાયું વાતાવરણ, મચ્છરોના ઉપદ્રવથી પ્રજાનું આરોગ્ય કથળ્યું

## મેલેરીયા, ડેગ્યુના કેસ વધવાની દહેશત, ખાનગી હોસ્પિટલોમાં ભીડ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

વાદળ છાયું વાતાવરણ અને મચ્છરોના ઉપદ્રવથી પ્રજાનું આરોગ્ય જોખમાયું છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી ઝાપટાં સાથે વાદળછાયું વાતાવરણ ઉભું થયું છે. મચ્છરોનો ઉપદ્રવ અનેક ગણો વધી જતાં વાયરલ બીમારીઓએ માથું ઉંચક્યું છે. શરદી-તાવ, ઉધરસ, કફ સહિતની સિઝનલ બીમારીમાં પ્રજા પટકાતાં ખાનગી હોસ્પીટલોમાં દર્દીઓની ભીડ વધી છે. આરોગ્ય વિભાગે કોરોનાનું સંક્રમણ ઘટતાં માંડ રાહત અનુભવી છે ત્યાં બીમારીનું આવરણ ઝડપથી ફેલાઈ રહ્યું છે.



બદલાયેલા વાતાવરણની સીધી અસર પ્રજાના આરોગ્ય ઉપર દેખાતી હોય છે. દર વર્ષે ચોમાસામાં મેલેરીયા-ડેન્ગ્યુ સહિતના કેસ વધી જતાં હોય છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ હમણાંથી ઘટ્યું પરંતુ હવે વાયરલ રોગચાળો વકર્યો છે. જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં બીમારીનું આવરણ ફેલાતાં ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. છેલ્લા એક સપ્તાહથી વાદળછાયું વાતાવરણ, હવામાં ભેજનો વધારો તેમજ મચ્છરોનો ઉપદ્રવ બેકાબૂ બનતાં મેલેરીયા તેમજ ડેન્ગ્યુના કેસ બહાર આવી રહ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા વર્તમાન સિઝનમાં તકેદારી રૂપ કામગીરી કરવામાં કચાશ રાખવામાં આવશે તો વાયરલ બીમારીઓથી ઘેર-ઘેર માંદગીના ખાટલા જોવા મળી શકે છે. કોરોનાકાળના સમયગાળામાં ફરજીયાત માસ્ક તેમજ સોશ્યલ ડિસ્ટન્સના નિયમોનું કળકાઈથી પાલન કરવામાં આવ્યું જેથી હાલની સ્થિતિએ સંક્રમણ જરૂર ઘટ્યું છે પરંતુ મચ્છરોના ઉપદ્રવને નાથવામાં બેદરકારી રાખવામાં આવી તો મેલેરીયા અને ડેન્ગ્યુના કેસ વધવાથી આરોગ્ય વિભાગની પરેસાનીમાં ઓર વધારો થવાની આશંકા છે. બંને જિલ્લામાં ચોમાસાની સીઝનમાં પ્રજાનું આરોગ્ય કથર્યું હોવાથી ખાનગી દવાખાના તેમજ હોસ્પિટલોમાં સારવાર લેવા માટે આવતા દર્દીઓની દૈનિક સંખ્યામાં બમણો વધારો થયો છે.

# જન્મદિને વધામણી



મંત્ર તુષારકુમાર પાટીલ
બાયડ, જિ.અરવલ્લી



મિષ્ટી મિહીરકુમાર પટેલ
છાપરીયા, તા.બાયડ



ધ્વેન ચિરાગકુમાર પ્રજાપતિ
ડેમાઈ, તા.બાયડ



પ્રથમ પંકજકુમાર પ્રજાપતિ
ગાબટ, તા.બાયડ



પરમ મૌલિકકુમાર દરજી
ડાભા, તા.બાયડ



રાજુભાઈ એમ. પૂરોહીત
(હોટલ પૂરોહીત)
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



ભાવિકાબેન
જૈમિનભાઈ શાહ
આકરૂન્દ, તા.ધનસુરા



યોગેશ વાડીયા
(હોટલ વૃન્દાવન)
બાયડ, જિ.અરવલ્લી



સુનિલ ગોસ્વામી
બાયડ, જિ.અરવલ્લી



અનિલભાઈ વી. પટેલ
સાયરા, તા.મોડાસા



રોકી અશોકભાઈ પટેલ
(ઉત્તર ગુજરાત વિજ કંપની)
આકરૂન્દ, તા.ધનસુરા



**ઘરમાં રહો, સુરક્ષિત રહો**

# બાંખોરમાં આયુર્વેદિક દવાખાને જવાના રસ્તાની બિસ્માર હાલત...

## વરસાદી માહોલમાં સારવાર લેવા આવતા વૃદ્ધ દર્દીઓને પડતી ભારે હાલાકી...

ગાંભોઈ, તા.૦૪

હિંમતનગર તાલુકાના બાંખોર ગામે આવેલ વર્ષો જૂનું આયુર્વેદિક દવાખાનાના કમ્પાઉન્ડની અંદર પાકા રસ્તાના અભાવે દવાખાને સારવાર લેવા આવતા દર્દીઓ ચોમાસાના વરસાદી માહોલમાં ભારે હાલાકી અનુભવી રહ્યા છે. દવાખાનાના પરીસરમાં પાકો માર્ગ બનાવવાની વર્ષો જૂની માંગ ન સંતોષાતાં સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષની લાગણી ઊભી થઈ છે.



બાંખોર ગામના અગ્રણી વિનયભાઈ જેન્તીભાઈ ઉપાધ્યાય જણાવે છે કે વર્ષો જુના આ આયુર્વેદિક દવાખાનામાં સ્થાનિક તેમજ આસપાસની ગ્રામ્ય જનતા મોટી સંખ્યામાં સારવાર લેવા આવતી હોય છે. ગામડામાં મળતી આયુર્વેદિકની સારવાર સુવિધા પ્રજા માટે આશીર્વાદરૂપ નીવડી છે પરંતુ આ દવાખાનાની આસપાસ પથ્થર, ઘાસ અને ઝાડી-ઝાંખરાના નિકાલના અભાવે દવાખાનાના મકાનની હાલત દયનીય બની છે. દવાખાનાના કમ્પાઉન્ડમાં પાકો રસ્તો કે બ્લોક સિમેન્ટનો રસ્તો ન હોઈ ચોમાસાની ઋતુમાં વરસાદી પાણી ભરાતાં દવાખાને સારવાર લેવા આવતા મોટી ઉંમરના દર્દીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ દવાખાનાના પાછળના ભાગે ડુંગરાળ વિસ્તાર હોઈ ચોમાસામાં ડુંગરાના પાણી આ મકાન તરફ ધસી આવે છે. જેથી આ દવાખાનાના મકાનની સુરક્ષા પર જોખમનું સંકટ રહે છે. દવાખાનામાં ડુંગરા પરથી આવતા વરસાદી પાણી રોકવા સુરક્ષિત દિવાલ કરવા અંગે તેમજ કમ્પાઉન્ડને અંદરના ભાગે બ્લોક તેમજ આર.સી.સી.નો પાકો રસ્તો કરવા અંગે સ્થાનિક ગ્રામપંચાયત તેમજ તાલુકા, જિલ્લા કક્ષાએ અનેકવાર રજૂઆતો કરેલ છતાં આજદિન સુધી કોઈ કાર્યવાહી થયેલ નથી. આયુર્વેદિક દવાખાનાની માર્ગ અને દિવાલની સમસ્યા ઉકેલવા સત્વરે પગલાં ભરવામાં આવે એવી ગ્રામ્ય પ્રજામાં માંગ થઈ રહી છે.



# ભિલોડા માતૃશ્રી આર.જે.તન્ના મંદિર વિદ્યાલયમાં નારી ગૌરવ દિવસની ઉજવણી યોજાઈ

ભિલોડા,તા.૪

નારી ગૌરવ દિવસ નિમિત્તે આયોજીત મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત લોન વિતરણ,મહિલા અને બાળ વિકાસ,વિભાગ ધ્વારા વિવિધ વિકાસ કામોના ડીઝીટલ લોકાર્પણ, ખાતમુર્હુત રાજયવ્યાપી સમારંભ દરમ્યાન ભિલોડા તાલુકા મથક ખાતે શ્રી અર્બુદા સેવા સંઘ સંચાલિત માતૃશ્રી આર.જે.તન્ના મંદિર વિદ્યાલયના પ્રાર્થના હોલમાં નારી ગૌરવ દિવસની ઉજવણી યોજાઈ હતી.૧૦ સખી મંડળોની બહેનોને રૂા.૧૦ લાખના ચેકોનું વિતરણ કરાયું હતું.અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણ,અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય રસિકાબેન ખરાડી,ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ તરલીકાબેન તબીયાર,કારોબારી અધ્યક્ષ વિક્રમભાઈ પટેલ,ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતીલાલ પટેલ,દામુભાઈ પટેલ,ભાજપના હોદેદારો,કાર્યકરો,મહિલાઓ સહિત વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુર તાલુકા પોલિસ સ્ટેશનના લૂંટના ગુનામાં છેલ્લા ત્રીસ વર્ષથી જામીન મુક્ત થઈને નાસતો ફરતો આરોપી ઝડપાયો

પાલનપુર, તા. ૪

બનાસકાંઠા પોલીસ અધિક્ષક તરુણકુમાર દુગ્ગલ દ્વારા નાસતા ફરતા આરોપીઓ પકડવા સુચના આપવામાં આવી હતી.જેથી એસઓજી ના પી.આઈ ડી.આર.ગઢવી પીએસઆઈ એમ.કે.ઝાલા ના માર્ગદર્શન મુજબ એ.એસ. આઈ. સિકન્દરખાન, ઘેમરભાઈ, વનરાજસિંહ, વિનોદભાઈ, અલ્પેશકુમાર સહીતનો સ્ટાફ પાલનપુર તાલુકા પો. સ્ટે. વિસ્તારમાં એસ.ઓ.જી. લગત પેટ્રોલીગ હતા. દરમિયાન ઘેમરભાઈને મળેલ ખાનગી હકીકત આધારે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા ત્રીસ(૩૦) વર્ષથી જામીન મુક્ત થઈ નામદાર કોર્ટ માં હાજર નહિ રહી નાસતા ફરતા આરોપી પરાગજી મોતીજી કોળી રહે.હસનપુર તા. પાલનપુર સોમવારના રોજ રામપુર વડલા ગામની સીમ મુકામે ફરે છે. જેથી એસઓજી પોલીસે ઝડપી લઈ આગળની કાર્યવાહી કરવા નામદાર કોર્ટમાં સોંપવામાં આવેલ છે.




# માતૃ શ્રી એસ.એસ.ગોવિંદા ફાઉન્ડેશન સંચાલિત શ્રી રામ વિદ્યાલય, પાલનપુર ખાતે દિક્ષાંત સમારંભ યોજાયો

પાલનપુર, તા.૪

શ્રી રામ વિદ્યાલયના સુન્દરમ્ ઉચ્ચત્તર માધ્યમિક (કોમર્સ) વિભાગમાં ૦૨/૦૮/૨૦૨૧ને સોમવારના રોજ વર્ષ ૨૦૨૦-૨૦૨૧ વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ, પરિણામ વિતરણ અને ઈનામ વિતરણ,કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી.આ કાર્યક્રમમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી રામચંદભાઈ ગોવિંદા , ટ્રસ્ટી શ્રી પરેશભાઈ ગોવિંદા, સંસ્થાના માર્ગદર્શક મહેન્દ્રભાઈ, કોમર્સ વિભાગના સુપરવાઈઝર મેડમ દક્ષાબેન બારોટ તેમજ પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રી ચંદ્રકાંતભાઈ જોષી, વાલીઓ તેમજ સ્ટાફના સહયોગથી ઉજવવામાં આવ્યો.આ કાર્યક્રમમાં ૨૦૧૯-૨૦૨૦ તેમજ ૨૦૨૦-૨૦૨૧મા પ્રથમ ૩ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને તેમજ વર્ષ દરમ્યાન જે પ્રવૃત્તિઓમાં ભાગ લઈ નંબર મેળવેલ છે તે વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

